# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16 -03-2026** **Evening : 7.10 to 7.20 pm**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1) **46 હજાર મેટ્રિક ટન LPG ના જથ્થા સાથે જહાજ શિવાલીક કચ્છ મુંદ્રા બંદરે પહોંચતા ગેસની ચિંતામાંથી રાહત**

2) **રાજ્યના LPG સાથે ગેસનું પાઈપલાઈન કનેક્શન ધરાવતા વપરાશકર્તાઓને બુધવાર સુધીમાં LPG કનેક્શન પરત કરવા સરકારની સૂચના**

3) **રાજ્યમાં અન્નપૂર્તિ ATM દ્વારા ચોવીસ કલાક અનાજ મળી રહે તે માટે 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમની સુવિધા શરૂ કરાશે.**

4) **ગુજકેટની પરીક્ષા માટે ઉમેદવારો આવતીકાલથી હોલ ટિકિટ ડાઉનલોડ કરશે શકશે**

5) **રાજ્યમાં 18મીથી 20મી માર્ચ સુધી વરસાદ વરસવાની આગાહી**

6) **બિહારમાં રમાયેલી નેશનલ પેરા એથ્લેટિક્સમાં સાબરકાંઠાના બે ખેલાડીઓએ 3 ગોલ્ડ મેડલ જીત્યા.**

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# શિવાલીક જહાજ

મધ્યપૂર્વ દેશમાંથી LPG પુરવઠો લઈને કતારથી રવાના થયેલું માલવાહક જહાજ શિવાલીક કતારથી આજે સાંજે ગુજરાતના કચ્છ મુંદ્રા બંદરે પહોંચ્યું છે.રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ વાતની પુષ્ટિ કરી છે

કચ્છ જિલ્લાના અમારાં પ્રતિનિધી હેમાંગ પટણી જણાવે છે કે આ જહાજ પર રહેલો LPG જથ્થો આશરે 32.4 લાખ ઘરેલુ ગેસ સિલિન્ડર બરાબર છે.

( બાઈટ : હેમાંગ પટણી )

દરમિયાન શિપિંગ મંત્રાલય જણાવ્યા મુજબ નંદા દેવી નામનું જહાજ 46 હજાર ટન LPG જ્યારે જગ લાડકી જહાજ 81 હજાર ટન ક્રૂડ ઓઇલ લઈને આવતીકાલ સુધીમાં મુંદ્રા બંદરે પહોંચવાની સંભાવના છે.

# LPG GAS

રાજ્યના જે વપરાશકર્તાઓ LPG સાથે PNG કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં LPG કનેક્શન પરત કરવાના રહેશે તેવી જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.. અન્ન્ અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય. સચિવ મોના ખંધારે કહ્યુ હતું કેરાજ્યના નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

બાઇટ- (મોના ખંધાર, અધિક મુખ્ય સચિવ, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ)

# Food Supply Press Conference

રાજ્યમાં અન્નપૂર્તિ ATM દ્વારા ચોવીસ કલાક અનાજ મળી રહે તે માટે 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમની સુવિધા શરૂ કરાશે. જેમાં લાભાર્થી માત્ર 35 સેકન્ડમાં 25 કિલો અનાજ મેળવી શકશે. માટે 10 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણ સોલંકીએ અન્ન વિભાગની નવી જોગવાઇઓ અંગે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા આ મુજબ જણાવ્યું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે રાજ્ય સરકાર નાગરિકોને પૂરતા પ્રમાણમાં અન્ન પુરવઠો પૂરો પાડવા કટીબદ્ધ છે.

બાઇટ – રમણભાઈ સોલંકી

વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે કેરોસીન અને LPGના પુરવઠા અંગે જણાવ્યું કે

બાઇટ – મોના ખંધાર ACS

# Assembly

વિધાનસભામાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરાઈ હતી.

ગૃહમાં આ વિભાગની અંદાજપત્રીય માગણીઓ પર ચર્ચા કરતાં મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ માટે 2633.72 કરોડ ફાળવીને એક મહત્વાકાંક્ષી કદમ ભર્યું છે.

ગુજરાત સ્પેસ ટેક નીતિ અંગે તેમણે જણાવ્યું હતું કે અવકાશ ક્ષેત્રને પ્રોત્સાહન માટે રાજ્ય સરકારે 'ગુજરાત સ્પેસ ટેક નીતિ ૨૦૨૫-૩૦' જાહેર કરી છે. જે અંતર્ગત રાજ્ય સરકાર આ સેક્ટરમાં ડિઝાઇન, ઉત્પાદન અને સેટેલાઈટ એપ્લીકેશન માટે રોકાણ કરવા ઇચ્છુક ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરું પાડશે.

આ ઉપરાંત ધોલેરા અને સાણંદ GIDC ખાતે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રોને અનૂરૂપ માળખાગત સુવિધાઓ સુદૃઢ કરવા વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં 50 કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

# GANADHINAGAR BOMB THREAT

ગાંધીનગરના કર્મયોગી ભવન ખાતે આવેલ નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષાની કચેરી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી.. ગાંધીનગર પોલીસ બોમ્બ સ્કોડ ,ડોગ સ્કોડ પણ કચેરી ખાતે તપાસ હાથ ધરી હતી ... આ ધમકી બાદ પોલીસે કર્મયોગી વિગ ડી આવેલ કચેરીનો 7 માળ ખાલી કરાવ્યો હતો.. પોલીસની તપાસમાં કોઇ શંકાસ્પદ વસ્તુ ન મળતાં રાહત મળી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# GUJCET HALL TICKET

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ દ્વારા 29મી માર્ચના રોજ ગુજકેટની પરીક્ષા યોજાનારી છે. આ પરીક્ષાની હોલ ટિકિટ વિદ્યાર્થીઓ 17મી માર્ચના બાર વાગ્યા બાદ ડાઉનલોડ કરી શકશે. વિદ્યાર્થીઓ gujcet.gsebht.in અથવા gsebht.in અથવા www.gseb.org વેબસાઇટ ઉપરથી પ્રવેશિકા ડાઉનલોડ કરી શકશે.

# WEATHER

રાજ્યમાં ગરમી વચ્ચે 18-19-20 માર્ચે હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. ઉત્તર ગુજરાત,સૌરાષ્ટ,કચ્છ,દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે.. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાતા વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વડા એ કે દાસે જણાવ્યું હતું.

બાઈટ-ડો એ.કે.દાસ-ડાયરેક્ટર-હવામાન વિભાગ

# DANTIWADA CONVOCATION

સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીનો ૨૧મો પદવીદાન સમારોહ આજે રાજ્યપાલ તથા યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ સમારોહમાં રાજ્યપાલના હસ્તે વિવિધ વિદ્યાશાખાના ૩૬ તેજસ્વી વિદ્યાર્થીઓને તેમની વિશિષ્ટ શૈક્ષણિક સિદ્ધિઓ બદલ ૩૯ સુવર્ણચંદ્રકો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત યુનિવર્સિટીની વિવિધ ફેકલ્ટીના કુલ ૫૧૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી દીક્ષિત કરવામાં આવ્યા હતા, જેમાં ૩૦૨ સ્નાતક, ૧૫૪ અનુસ્નાતક અને ૫૪ વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત થઈ હતી.

# SK SPORTS GOLDMEDAL

બિહારમાં રમાયેલી નેશનલ પેરા એથ્લેટિક્સમાં સાબરકાંઠાના બે ખેલાડીઓએ ૩ ગોલ્ડ મેડલ જીત્યા છે.. પટનાના પાટલીપુત્ર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ નેશનલ સ્પર્ધામાં ધર્મ સગરે ગોળા ફેંક અને ભાલા ફેંકમાં બે ગોલ્ડ મેડલ મેળવ્યા હતા.જ્યારે અજય મોડીયાએ F-35 કેટેગરીમાં ગોળા ફેંકમાં ગોલ્ડ મેડલ જીત્યો છે.. આ સ્પર્ધામાં ૧૯ રાજ્યોના ૩૦૦થી વધુ ખેલાડીઓએ સ્પર્ધામાં લીધો ભાગ. જેમાં રાજ્યમાંથી ૪૦ ખેલાડીઓએ ભાગ લીધો.

# KUTCH POLICE

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા અસામાજિક તત્ત્વો સામે ચલાવવામાં આવેલી ઝુંબેશને એક વર્ષ પૂર્ણ થયું છે. રાજય સરકારના આદેશ બાદ આ સમયગાળામાં પોલીસે કડક કાર્યવાહી કરીને અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મેળવ્યું છે.

પૂર્વ કચ્છ પોલીસે એક વર્ષ દરમિયાન 142 બિનઅધિકૃત દબાણો હટાવીને 515 એકર જેટલી કિંમતી સરકારી જમીન ખાલી કરાવી છે, જેનું મૂલ્ય રૂ. 722 કરોડ જેટલું થાય છે.

અંજાર ખાતે પાલિકાની સરકારી જમીન પરથી દબાણ હટાવીને ત્યાં પોલીસ ચોકીનું નિર્માણ કરવામાં આવ્યું છે, સાથે વીજતંત્ર સાથે સંકલન કરીને 421 જેટલા બિનઅધિકૃત વીજ જોડાણો પણ કાપી નાખવામાં આવ્યા હતા